(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૨૨/૮૬૩૫/અ તા.૦૭/૦૬/૨૦૨૪ નું બીડાણ)

# સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રની ચકાસણી માટે ઉમેદવારે રજૂ કરવાની થતી વિગતોનું ફોર્મ

## પરિશિષ્ટ-અ

(ફોર્મ ભરતા પહેલાં ફોર્મ સાથેની સુચનાઓ અવશ્ય વાંચવી)

પ્રતિ,
નિયામકશ્રી,
નિયામક વિકસતી જાતિ કલ્યાણની કચેરી,
બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**વિષય :- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રની ચકાસણી બાબત**

શ્રીમાન સાહેબ,

રાજય સરકારશ્રી હેઠળના ........................................................ વિભાગ/ ખાતા હેઠળની (હોદ્દો) .............................................. ની જગ્યા ઉપર ભરતી સંદર્ભે મેં રજુ કરેલ મારા ................................... જાતિના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રની ચકાસણી માટે મારી નીચે મુજબ વિગતો અને આધારો રજૂ કરૂ છું.

| | | | |
|---|---|---|---|
| ૧ | ઉમેદવારનું પુરૂં નામ | : | |
| ૨ | ઉમેદવારના પિતાનું પુરૂંનામ | : | |
| ૩ | હાલનું સરનામું<br>(પુરૂં સરનામુ પીન કોડ નંબર સહિત દર્શાવવું ) | : | |
| ૪ | કાયમી સરનામું<br>(પુરૂં સરનામુ દર્શાવવું ) | : | |
| ૫ | ઉમેદવારની જાતિ | : | |
| ૬ | મૂળ વતન | : | ગામ: ................................તાલુકો: ..........................<br>જિલ્લો: ......................... રાજય: ......................... |
| ૭ | ઇ-મેઇલ એડ્રેસ | : | |
| ૮ | સંપર્ક માટે મોબાઇલ નંબર/ ટેલીફોન નંબર | : | |
| ૯ | ઉમેદવારના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્ર નંબર તારીખ **(નકલ સામેલ રાખવી)** | : | |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | અગાઉ અન્ય જગ્યા માટેની ભરતી સંદર્ભે આ જાતિ પ્રમાણપત્રની નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ની કચેરી ખાતે ચકાસણી કરાવેલ છે? **( હા / ના )** | | |
| | **જો ચકાસણી કરાવેલ હોય તો :-** | | |
| | (અ) તેવી જગ્યાનો હોદ્દો અને વિભાગ/ ખાતાની વિગત | : | |
| | (બ) ચકાસણી કરાવ્યાનો માસ/વર્ષ **(આ બાબતના પત્રની નકલ સામેલ રાખવી)** | : | |
| ૧૧ | ઉમેદવારના શાળા છોડ્યાના પ્રમાણપત્રના નંબર તારીખ **(નકલ સામેલ રાખવી)** | : | |
| ૧૨ | ઉમેદવારના પિતા શિક્ષિત હોય તો તેમના શાળા છોડ્યાના પ્રમાણપત્રના નંબર તારીખ **(નકલ સામેલ રાખવી)** | : | |

**૧૩** તા.૧/૪/૧૯૭૮ પહેલાના જાતિ અને વતન અંગેના અન્ય જે પુરાવા હોય તે. :
**(નકલ સામેલ રાખવી)**

| ક્રમ | જેનો પુરાવો/ પ્રમાણપત્ર હોય તમનું પુરૂ નામ | પુરાવાની વિગત (એલ.સી, દસ્તાવેજ, હક્કપત્રકની નોંધ વગેરે જે હોય તે) | પુરાવાના નંબર/ ઇસ્યુ તારીખ | જેનો પુરાવો રજૂ કરેલ છે તેનો ઉમેદવાર સાથે સબંધ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |

**૧૪** જો ઉમદવારના પિતા/દાદા અન્ય રાજ્યમાંથી ગુજરાતમાં આવીને વસ્યા હોય તો,
**(મૂળ ગુજરાત રાજયના વતનીના કિસ્સામાં આ વિગતો જરૂરી નથી)**

| | | |
|---|---|---|
| (અ) | મૂળ વતનની વિગત :- | |
| | ગામ : | |
| | તાલુકો : | |
| | જિલ્લો : | |
| | રાજ્ય : | |
| (બ) | પિતા કે દાદા પૈકી કોણ ગુજરાત રાજ્ય ખાતે આવીને વસ્યા છે . :- | |
| (ક) | કયા વર્ષથી ગુજરાત રાજ્ય ખાતે આવીને વસ્યા છે. | |
| (ડ) | ગુજરાતમાં કાયમી વસવાટના સમર્થનમાં પુરાવાઓ : **(નકલ સામેલ રાખવી)** | |

| | ક્રમ | જેનો પુરાવો/ પ્રમાણપત્ર હોય તેમનું પુરૂં નામ | પુરાવાની વિગત | પુરાવાના નંબર/ તારીખ | જેનો પુરાવા રજૂ કરેલ છે તેનો ઉમેદવાર સાથે સબંધ |
|---|---|---|---|---|---|
| | ૧ | | | | |
| | ૨ | | | | |
| | ૩ | | | | |

અમારા દ્વારા રજુ કરવામાં આવેલ ઉકત વિગતો અને આધાર-પુરાવા સાચા છે, તેમાં કોઇપણ પ્રકારના સુધારા-વધારા કે ફેરફાર કરવામાં આવેલ નથી, તેની આથી બાંહેધરી આપીએ છીએ. ભવિષ્યમાં આ વિગતો કે પુરાવા ખોટા પુરવાર થશે તો તે અંગેની જવાબદારી અમારી રહેશે.

તારીખ : ઉમેદવારની સહી : ............................................

સ્થળ :

**<u>સંબંધિત ખાતા/કચેરીના અધિકૃત કરેલા અધિકારીનું પ્રમાણપત્ર</u>**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉમેદવારશ્રી/શ્રીમતી/કુ. ......................................................એ આ ફોર્મ સાથે જે આધાર- પુરાવાની નકલો રજુ કરેલી છે તે તમામની તેના અસલ ( Original) પત્રો/દસ્તાવેજો સાથે ચકાસણી કરવામાં આવી છે અને તે બરાબર જણાયેલ છે. રજુ થયેલ નકલોમાં કોઇ તફાવત કે સુધારા-વધારા થયેલા જણાયેલ નથી.

તારીખ : અધિકૃત અધિકારીની સહી : ............................................

સ્થળ : અધિકારીનું નામ અને હોદ્દો : ..........................................

કચેરીનો સિક્કો :

**(નોંધ : ઉમેદવાર તરફથી કોઇ ચોકકસ અસલ ( Original) પત્રો/દસ્તાવેજો રજુ થયેલ ન હોય અથવા તફાવત જણાયેલ હોય તો તેની સ્પષ્ટ વિગતો આ પ્રમાણપત્રમાં જણાવવી)**

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રની ચકાસણી માટે ઉમેદવારે વિગતો રજૂ કરવા અંગે ધ્યાને લેવાની સૂચનાઓ

૧. ઉમેદવારે નિયત ફોર્મમાં વિગતો ભરી, સહી કરી નીચે દર્શાવેલ પૈકી લાગુ પડતાં અને જરૂરી આધારોની સ્વપ્રમાણિત નકલો સહિત, જે ખાતાની જગ્યા માટે પસંદગી થયેલ હોય તે ખાતા મારફત રજુ કરવાનું રહેશે.

૨. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અંગેના જાતિ પ્રમાણપત્રની ચકાસણી માટે ઉમેદવારે રજુ કરવાપાત્ર આધાર- પુરાવા.

૩. ઉમેદવારના જાતિ અને શાળાકીય પુરાવા (જેમા જાતિ દર્શાવવામા આવેલ હોય)

(૧) ઉમેદવારનું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર.

(૨) ઉમેદવારના ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ના શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા વયપત્રકનો ઉતારો.

(૩) ઉમેદવારના પિતાશ્રીના શાળા છોડ્યાના પ્રમાણપત્ર અને ધોરણ-૧નો વયપત્રકનો ઉતારો.

(૪) ઉમેદવારની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ/પેટા જાતિ બતાવવામાં આવી હોય તેવા તા.૦૧/૦૪/૧૯૭૮ કે તે પહેલાંના પિતા સિવાયના પિતૃપક્ષના આધારો એટલે કે કાકા /ફોઇ /દાદા /પરદાદાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર અને ધોરણ – ૧ ની શાળાનો વયપત્રકનો ઉતારો તેમજ તલાટી કમ મંત્રી/ રેવન્યુ તલાટી સમક્ષનું પેઢીનામું રજૂ કરવાનું રહેશે. (આવા આધાર-પુરાવાની વિગત ફોર્મના ક્રમ:-૧૩માં દર્શાવવી)

(૫) ઉમેદવારની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ/પેટા જાતિ બતાવવામાં આવી હોય તેવા તા.૦૧/૦૪/૧૯૭૮ કે તે પહેલાંના પિતૃપક્ષના એટલે કે કાકા /ફોઇ /દાદા / પરદાદાના મહેસૂલી રેકર્ડ(જેમા જાતિ દર્શાવવામા આવેલ હોય) જેવા કે,

(i) ૬-અ મુળ હક્કપત્રકની નોંધો.

(ii) જુના ૭/૧૨ના ઉતારા.

- જમીન, મકાન કે અન્ય સરકારી વ્યવહાર માટે કરેલ કાગળો (જેમા જાતિ દર્શાવવામા આવેલ હોય) જેવાકે,

(i) જમીન મકાનના દસ્તાવેજો.

(ii) પૈસા/જમીનની આપ-લેના દસ્તાવેજો.

(iii) જન્મ - મરણની નોંધણી.(ગામ નમૂનો નંબર ૧૪)

(iv) વિવિધ વેરા જેવા કે પાણી વેરા અથવા મકાન વેરાની પાવતીઓ, જુના કોર્ટ કેસ કે પોલીસ કેસને લગતા આધારો.

(v) સરકારી/અર્ધસરકારી/સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સેવામાં જોડાયેલ હોય તો સેવાપોથીના પ્રથમ પાના કે જેમા જાતિ દર્શાવી હોય.

(૬) મૂળ ગુજરાત રાજ્યના વતની ન હોય તેવા અન્ય રાજ્યોમાંથી સ્થળાંતર થયેલ આ ઉમેદવારના કિસ્સામાં તેઓના પિતા/દાદા/સીધી લીટીના વડવાઓ તા.૦૧/૦૪/૧૯૭૮ પહેલાથી ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ ધરાવે છે તે પુરવાર થાય તેવા રેશનકાર્ડ, મતદાર યાદી, નોકરી, ધંધા, વેરા, સ્થાવર મિલકતની ખરીદ-વેચાણ કે માલિકી અંગેના પુરાવા અથવા અન્ય સરકારી રેકર્ડ આધારિત પુરાવા. (આવા આધાર-પુરાવાની વિગત ફોર્મના ક્રમ:-૧૪ (ડ) માં દર્શાવવી.

(૭) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ પુરવાર થાય તેવા અગત્યના Probative Value ધરાવતા અન્ય જે કોઈ આધાર/પુરાવા હોય તે.

(૮) ઉમેદવારનું હાલનું સરનામુ દર્શાવતું સરકારી ઓળખપત્ર (દા.ત. આધારકાર્ડ, ચુંટણી કાર્ડ વગેરે).

(૯) ઉમેદવારના પિતાનું સરકારી ઓળખપત્ર ( દા.ત.આધારકાર્ડ, ચુંટણી કાર્ડ વગેરે).

(૧૦) ઉપરોક્ત આધાર/પુરાવાઓ પૈકી કોઈ પણ આધાર/પુરાવા પિતા સિવાયના પિતૃપક્ષના અન્ય સબંધીઓ જેમ કે, પરદાદા/દાદા/કાકા/ફોઈ વગેરેના હોય તો તલાટી કમ મંત્રી/ રેવન્યુ તલાટી સમક્ષનું પેઢીનામું રજૂ કરવાનું રહેશે.

(૧૧) કોઇ કિસ્સામાં અસલ આધારો વેરીફીકેશન માટે રૂબરૂ રજૂ કરવા જણાવવામાં આવે તો નિયત તારીખ અને સમયે રૂબરૂ ઉપસ્થિત થવાનું રહેશે.

(૧૨) ઉમેદવાર દ્વારા જે કોઇ આધાર-પુરાવા રજૂ કરવામાં આવે તેની પ્રાથમિક ચકાસણી થયા બાદ જરૂર જણાય તેવા કિસ્સામાં વધારાના આધાર-પુરાવા રજૂ કરવા સૂચવવામાં આવે તો ઉમેદવારે વધુ આધાર-પુરાવા (રૂબરૂ અથવા ટપાલ મારફત, જે રીતે જણાવવામાં આવે તે રીતે) રજૂ કરવાના રહેશે.

---------------------------------------- 0 ----------------------------------------